# આપણી વાત

**સંપાદક : પ્રફુલ્લ રાવલ**

રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ અંતર્ગત તા. ૬-૬-૨૦૧૮ના બુધવારના રોજ સાંજે ૬-૦૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધનસ્મૃતિ મંદિરમાં શ્રી સુજ્ઞા શાહે ।।ચિત્રાંગદા-નૃત્યનાટ્યા નાટકની સંગીતમય પ્રસ્તુતિ કરી હતી.

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તાજેતરમાં વિદેહ થયેલા આપણા સર્જકો શ્રી વિનોદ ભટ્ટ, અને શ્રી નાનુભાઈ નાયકને શોકાંજલિ આપવા તા. ૧-૬-૨૦૧૮ને શુક્રવારે સાંજે ૬-૦૦ વાગે, ગોવર્ધનસ્મૃતિભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમરોડ, અમદાવાદમાં શોકસભા યોજાઈ હતી. જેમાં સિતાંશુ યશશ્ચંદ્ર મહેતા, ચંદ્રકાન્ત શેઠ, હર્ષદ ત્રિવેદી, રાજેન્દ્ર પટેલ, સ્નેહલ ભટ્ટ, પ્રફુલ્લ રાવલ વગેરેએ શ્રદ્ધાંજલિ આપી હતી.

તા. ૧૭-૬-૨૦૧૮નાં રોજ ફાધર્સ ડે નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ચી. મં. ગ્રંથાલયમાં તા. ૧૮-૬-૨૦૧૮ થી તા. ૨૩-૬-૨૦૧૮ દરમિયાન પિતા વિષયક અને પારિવારિક સંબંધો-સંસ્મરણોનાં પુસ્તકોનું પ્રદર્શન યોજાયું હતું. દરિયાનો લાલ, પિતૃવંદના, ઇન્દુને પત્રો, અમારો બાપ અને અમે, મારા પિતા, અમારા બાપુજી, થેંક્યુ પપ્પા વગેરે પુસ્તકો સંતાનોએ પોતાના પિતા વિષે લખ્યાં છે. જે પુસ્તકો વિશેષ લોક પસંદગી પામ્યા હતાં ગુજરાતી અખબારો તસવીર સહિત આ કાર્યક્રમની વિગતે નોંધ લીધી હતી. ગ્રંથાલયમંત્રી શ્રી પરીક્ષિત જોશીના માર્ગદર્શનમાં આ પ્રદર્શન યોજાયું હતું.

પરિષદનો આગામી કાર્યક્રમ

જુલાઈ મહિનામાં તા. ૨૧-૭-૨૦૧૮ના રોજ શ્રી ઉમાશંકર જોશીનાં ૧૦૭માં જન્મદિવસ નિમિત્તે એમની ગ્રંથસંપદામાંથી ૧૦૭ પુસ્તકોનું પ્રદર્શન યોજાશે. તા. ૧૭-૭-૨૦૧૮થી તા. ૨૧-૭-૨૦૧૮ સુધી સવારે ૧૧ થી ૬ ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ચી. મં. ગ્રંથાલયમાં યોજાનાર આ પુસ્તક પ્રદર્શનનો લાભ સૌ પુસ્તક રસિકો લઈ શકશે.

❑

# સાહિત્યવૃત્ત

## પરીક્ષિત જોશી

**ગ્રંથગોષ્ઠિ :** ડૉ. વિરંચિ ત્રિવેદીના વિદ્યા વાચસ્પતિકક્ષાના સંશોધન ‘અર્વાચીન ગુજરાતી શોકોર્મિ કવિતા’ વિશે શ્રી સતીશ ડણાકે ગ્રંથગોષ્ઠિ કરી હતી. સંશોધન નિમિત્તે શોકોર્મિ કવિતાના વિવિધ સ્વરૂપો જેવાં કે સ્મૃતિ લેખ, મરશિયા-રાજિયા, વિષાદકાવ્ય, ગોપકાવ્ય, ઓડ અને પવાડાનો ઉદાહરણો સાથે સંશોધકે અત્યાર સુધી વણખેડાયેલા વિષયે ચર્ચા કરી છે.

**ગુજરાત વિશ્વકોશ :** ગુજરાત વિશ્વકોશ ભવન, અમદાવાદ ખાતે ભાષા સાહિત્ય અને લલિતકલાઓ સંદર્ભે નિરંતર અનેકવિધ કાર્યક્રમો થતાં રહે છે. આ ઉપક્રમમાં લલિતકલા કેન્દ્ર દ્વારા કવિ વિનોદ જોશીના પ્રબંધકાવ્ય ‘સૈરન્ધ્રી’નો કવિમુખે કાવ્યપઠનનો કાર્યક્રમ યોજાઈ ગયો. કવિ દુલા કાગ વ્યાખ્યાનમાળા હેઠળ શ્રી વસંત ગઢવીએ ‘ચારણી સાહિત્ય-વારસો અને વૈભવ’ વિષયે વક્તવ્ય આપ્યું. શ્રી નંદુભાઈ શુક્લની સ્મૃતિમાં યોજાઈ રહેલી શિક્ષણવિષયક વ્યાખ્યાનમાળામાં શ્રી અરૂણ દવે અને શ્રી મનસુખ સલ્લાએ પ્રવચનો આપ્યાં. તો શ્રી મધુસૂદન વ્યાસે ‘વેદાંત દર્શન અને આધુનિક જીવનશૈલી’ વિશે વ્યાખ્યાન આપ્યું. મોહનથી મોહન સુધી વિષય આસપાસ ગૂંથાયેલી એક વિશેષ નૃત્યનાટિકા સુશ્રી સુપ્રભા મિશ્રાએ રજૂ કરી હતી.

**પ્રેમાનંદ સાહિત્ય સભા :** પ્રેમાનંદ સાહિત્ય સભા, વડોદરાના શતાબ્દિ પર્વ નિમિત્તે ‘શબ્દસેતુ’ અને ‘જનજાગૃતિ અભિયાન’ના સંયુક્ત ઉપક્રમે સ્વકાર રાજેન્દ્ર શાહની સ્મૃતિમાં ‘સ્વર ઉપવનના ટહુકા’ નામે સુગમ સંગીતનો એક કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં વિવિધ ગુજરાતી કવિઓની રચનાઓનું ગાન આકાશવાણી-દૂરદર્શનના ગાયક કલાકારો દ્વારા કરવામાં આવ્યું.

**નર્મદસાહિત્ય સભા :** નર્મદ સાહિત્ય સભા દ્વારા વિવિધ આઠ શ્રેણીમાં વર્ષ ૨૦૦૭થી ૨૦૧૫ના ગાળામાં થયેલાં ઉત્તમ સાહિત્ય સર્જનને પુરસ્કૃત કરાઈ રહ્યાં છે. જેમાં ક્રમાનુસાર પુસ્તકને વિષયસ્વરૂપ મુજબ જે ચંદ્રક એનાયત થઈ રહ્યો છે તેમાં, ‘મુસ્લિમ ઘેટ્ટોઆઈઝેશન’ - ઇતિહાસ માટે નર્મદ ચંદ્રક, ‘કોલબેલ પાછળનો દરવાજો’ અને ‘વાસ્તવવાદી નાટક વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં’ - નાટક માટે નર્મદ ચંદ્રક, ‘દીઠું મેં’ - આત્મચરિત્ર માટે નર્મદ ચંદ્રક, ‘સંકટ’ - ‘મહારાજ’ - ‘અજાણી દિશા’ - નવલકથા માટે નંદશંકર ચંદ્રક, ‘અગિયાર દેરાં’ - ‘વન્યરાગ’ નવલિકા સંગ્રહ માટે નંદશંકર ચંદ્રક, ‘ઝાકળનો દરિયો’ - ‘કાયાની કરામત’ બાળસાહિત્ય માટે ડૉ. ફેની રતન માર્શલ ચંદ્રક, ‘ભારતીય નવલકથા’ ‘રૂપાંતર’ વિવેચન માટે ડૉ. મોહનલાલ દવે ચંદ્રક અને ‘કેળવણીને કિનારે’ -‘કેળવણીની સાધનાનો સા’શિક્ષણ માટે રા.બ. કમળાશંકર ત્રિવેદી ચંદ્રકનો સમાવેશ

થાય છે.

**સ્મિતા પારેખ સાહિત્ય સ્પર્ધા :** સુરતની અખિલ હિન્દ મહિલા પરિષદ શાખાના વાચક મંચ દ્વારા વાર્તા, કવિતા અને બાળવાર્તાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રેષ્ઠ કૃતિને ૫૦૦૦નું રોકડ પારિતોષિક એનાયત થશે. ૩૧.૦૭.૧૮ સુધીમાં પોતાની કૃતિઓ નિયત ધારાધોરણ મુજબ સુરત શાખાના શાલીભદ્ર કોમ્પ્લેક્ષ, કાદરશાની નાળ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧ના સરનામા ઉપર મોકલી આપવાની રહેશે.

**કુમાર આર્ટસ્ ફાઉન્ડેશન :** વિવિધ સાહિત્ય સ્વરૂપ અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં પુસ્તકની બે નકલો, પંચમહાલ જિલ્લાના ગોધરાસ્થિત કુમાર આર્ટસ્ ફાઉન્ડેશનને તા. ૧૫.૦૮.૧૮ સુધીમાં ૧૪, સમ્રાટનગર, બામરોલી રોડ, ગોધરા-૩૮૯૦૦૧ના સરનામે મોકલી આપવી.

**સ્મિતા પારેખ સાહિત્યસ્પર્ધા :** સુરતની અખિલ હિન્દ મહિલાપરિષદ શાખાના વાચક મંચ દ્વારા વાર્તા, કવિતા અને બાળવાર્તાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રેષ્ઠ કૃતિને ૫૦૦૦નું રોકડ પારિતોષિક એનાયત થશે. ૩૧.૦૭.૧૮ સુધીમાં પોતાની કૃતિઓ નિયત ધારાધોરણ મુજબ સુરત શાખાના શાલીભદ્ર કોમ્પ્લેક્ષ, કાદરશાની નાળ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧ના સરનામા ઉપર મોકલી આપવાની રહેશે.

**શ્રેષ્ઠ પુસ્તક માટે એવોર્ડ :** વિવિધ સાહિત્ય સ્વરૂપ અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં પુસ્તકની બે નકલો, પંચમહાલ જિલ્લાના ગોધરાસ્થિત કુમાર આર્ટસ્ ફાઉન્ડેશનને તા. ૧૫.૦૮.૧૮ સુધીમાં ૧૪, સમ્રાટનગર, બામરોલી રોડ, ગોધરા-૩૮૯૦૦૧ના સરનામે મોકલી આપવી.

❑

## લેખિકાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન

ગુજરાતી સાહિત્ય પરિષદના ‘શ્રીમતી જ્યોત્સ્નાબેન હસિતકાંત બૂચ’ નિધિ અંતર્ગત લેખિકાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે. આથી જે લેખિકાઓનું એક પણ પુસ્તક પ્રગટ ન થયું હોય તેઓ આ શ્રેણીમાં પોતાના સર્જનાત્મક પુસ્તકની હસ્તપ્રત મોકલી શકે છે. આ પુસ્તકની પૃષ્ઠમર્યાદા ૧૫૦ની રહેશે. હસ્તપ્રતની ટાઈપકૉપી મોકલવી. હસ્તપ્રત તા. ૩૧-૧૨-૨૦૧૮ સુધીમાં મોકલી આપવા વિનંતી. હસ્તપ્રત મોકલવાનું સરનામું : પ્રકાશનમંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯.

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં પારિતોષિકો

૨૦૧૬ અને ૨૦૧૭ના બે વર્ષના ગાળામાં પ્રસિદ્ધ થયેલાં પ્રથમ આવૃત્તિવાળાં પુસ્તકોને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી નીચે પ્રમાણેનાં પારિતોષિકો એનાયત કરવામાં આવશે. સર્વ લેખકો અને પ્રકાશકોને ૩૧-૭-૨૦૧૮ સુધીમાં દરેક પુસ્તની બે નકલો, કયા પારિતોષિક માટે છે તે વિગત પુસ્તકના પહેલા પાના પર દર્શાવીને પરિષદ કાર્યાલય પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

**ગુજરાતી સાહિત્ય પરિષદનાં ૨૦૧૬-૨૦૧૭નાં પારિતોષિકો**
**(કુલ પારિતોષિકો : ઓગણીસ)**

**ક્રમ વિષય આવરી લેવામાં આવેલાં પારિતોષિકોની વિગતો**

૦૧ **નાટક :**
(એકાંકી સહિત)
[બટુભાઈ ઉમરવાડિયા (એકાંકી) [**શ્રી બટુભાઈ ઉમરવાડિયા એકાંકી પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં એકાંકીઓમાંથી સર્વશ્રેષ્ઠ એકાંકીને પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૦૨ **કવિતા :**
(સૉનેટ, ગઝલ, ગીત, અછાંદસ અને તમામ પ્રકારો)
[**ઉશનસ્ પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં સર્વશ્રેષ્ઠ દીર્ઘકાવ્યો (સૉનેટમાળા, ખંડકાવ્યો, પદ્યનાટક કે અન્ય પ્રકારનાં વર્ણનાત્મક ચિંતનાત્મક દીર્ઘકાવ્યોની કૃતિ ગ્રંથસ્થ અથવા કોઈ સામયિકમાં પ્રગટ થયેલી હોવી જરૂરી છે.)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.
**શ્રી દિલીપ ચં. મહેતા પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ ગઝલસંગ્રહને અથવા જે કાવ્યસંગ્રહમાં ગઝલોની નોંધપાત્ર સંખ્યા હોય તેને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.
**કવિશ્રી ભાનુપ્રસાદ પંડ્યા પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા મૌલિક ગીતસંગ્રહના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.
**શ્રી મહેન્દ્ર ભગત પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા નાટ્ય/કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૦૩ **નવલકથા :**
(લઘુનવલ સહિત)
[**શ્રી દોલત ભટ્ટ પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલી ગ્રામજીવન પર લખાયેલી સર્વશ્રેષ્ઠ નવલકથા અથવા લોકસાહિત્યવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.
**શ્રી પ્રિયકાન્ત પરીખ નવલકથા પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન

પ્રકાશિત થયેલી વર્ષદીઠ એક-એક સર્વશ્રેષ્ઠ નવલકથાઓને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૦૪ **ટૂંકીવાર્તા :**

(લઘુકથા સહિત)

[**શ્રી રમણ પાઠક ષષ્ટિપૂર્તિ પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ નવલિકાસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૦૫ **નિબંધ, હાસ્ય, જીવનચરિત્ર, રેખાચિત્રો, પ્રવાસ, સંસ્મરણ :**

[**શ્રી કાકાસાહેબ કાલેલકર પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા નિબંધ, પ્રવાસ, સ્મરણો, જીવનચરિત્રો આદિ પ્રકારના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

[**શ્રી જ્યોતીન્દ્ર દવે હાસ્ય પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા હાસ્ય, વિનોદ, કટાક્ષ વગેરેના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (લલિતનિબંધ) પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લલિતનિબંધના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૦૬ **બાળ-કિશોર સાહિત્ય**

[**શ્રી નટવરલાલ માળવી પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા બાળસાહિત્યના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી રમણલાલ સોની (બાળ-કિશોરસાહિત્ય) પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ બાળ-કિશોરસાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૦૭ **વિવેચન :**

(સંશોધન, સંપાદન, અભ્યાસ-લોકસાહિત્ય સહિત.)

[**ડૉ. રમણલાલ જોશી વિવેચન પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા વર્ષદીઠ એક-એક વિવેચનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**સર્વોદય આશ્રમ સણાલી 'કરુણામૂર્તિ ભગવાન મહાવીર ફાઉન્ડેશન' પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત લોકસાહિત્યવિષયક શ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૦૮ **પ્રથમ સર્જનાત્મક પુસ્તક :**

(તમામ સાહિત્યપ્રકારો)

[**શ્રી તખ્તસિંહ પરમાર પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન

પ્રકાશિત થયેલા લેખકના પ્રથમ સર્જનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તક (કવિતા, નાટક, નવલકથા સ્વરૂપના)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી દિનકર શાહ 'કવિ જય' પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા કવિના પ્રથમ સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**ધનરાજ કોઠારી પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭ દરમિયાન પ્રથમ સર્જનાત્મક પુસ્તક માટે.]

૦૯ **મહાનિબંધ :**

[**ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (મહાનિબંધ) પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત-અપ્રકાશિત બંને પ્રકારના પરંતુ નિર્દિષ્ટ સમયગાળામાં યુનિવર્સિટી દ્વારા મંજૂર થયેલા સર્વશ્રેષ્ઠ મહાનિબંધને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૦ **લેખિકાનાં પુસ્તકો :**

(અનુવાદ સહિત તમામ પ્રકારો)

[**શ્રી ભગિની નિવેદિતા પારિતોષિક :** ૨૦૧૬ અને ૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લેખિકાઓના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિઃ ઓમ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી સુરેશા મજૂમદાર પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા સ્ત્રી-અનુવાદકના અનુવાદગ્રંથને અથવા ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા કવયિત્રી-રચિત સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૧ **અનુવાદ :**

[**શ્રી ગોપાળરાવ વિદ્વાંસ પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભારતીય ભાષાઓમાંથી થયેલા ભાષાંતરના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૨ **અધ્યાત્મ, ચિંતન, તત્ત્વદર્શન, ફિલૉસોફી, માનવતાલક્ષી સાહિત્ય :**

[**શ્રી અરવિન્દ (સુવર્ણચંદ્રક) પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભક્તિવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિઃ ઓમ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી સદ્‌વિચાર પરિવાર પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા સર્વશ્રેષ્ઠ પ્રેરક સાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૩ **શિક્ષણ, સમાજશાસ્ત્ર, વિજ્ઞાન અન્ય વિષયો :**

[**શ્રી પ્ર. ત્રિવેદી પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા શિક્ષણ-વિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં સમાજ, શિક્ષણ વગેરે વિશેના ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી બી. એન. માંકડ ષષ્ટિપૂર્તિ પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લોકભોગ્ય વિજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા વિવેચન અથવા સામાજિક તત્ત્વજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ (સમાજશાસ્ત્ર) પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભૂગોળ-સમાજશાસ્ત્રના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી રામુ પંડિત (અર્થશાસ્ત્ર, વાણિજ્ય, ઉદ્યોગ) પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા અર્થશાસ્ત્ર-વાણિજ્ય-પ્રબંધ-ઉદ્યોગમાં માનવીય સંબંધવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૪ **સંસ્કૃત, પ્રાકૃત, વ્યાકરણ, સાહિત્યશાસ્ત્ર :**

[**શ્રીરામપ્રસાદ પ્રેમશંકર બક્ષી પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સાહિત્યશાસ્ત્રના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી પંડિત બેચરદાસ જીવરાજ દોશી પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સંસ્કૃત-પ્રાકૃત ગુજરાતી વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી પ્રભાશંકર તેરૈયા પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થયેલા ભાષાવિજ્ઞાન-વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૫ **ઉમા-સ્નેહરશ્મિ :**

[**શ્રી ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક :** ૨૦૧૬-૨૦૧૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ સાહિત્યિક પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૬ **ડાયસ્પોરા સાહિત્ય :**

[**ગુજરાત દર્પણ પારિતોષિક :** (દરિયાપારના સાહિત્યકારો માટે) ૨૦૧૫-૨૦૧૬-૨૦૧૭નાં ત્રણ વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલી નવલકથાના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.]

૧૭ **શ્રેષ્ઠ ચર્ચાપત્રી :**
[**ડૉ. બી. ટી. ત્રિવેદી (ચર્ચાપત્રી) પારિતોષિક :** આ પારિતોષિક સંદર્ભે એન્ટ્રી મોકલવાની રહેતી નથી કે કશી રજૂઆત પણ કરવાની થતી નથી.]

૧૮ **'પરબ' શ્રેષ્ઠ પદ્યરચના પારિતોષિક :**
(શ્રી ચિ. શિ. ત્રિવેદીપ્રેરિત ન્હાનાલાલ અને રા. વિ. પાઠક (૨૦૧૭-૨૦૧૮) પરબ પ્રકાશિત)

૧૯ **'પરબ'માં પ્રકાશિત શ્રેષ્ઠ ગદ્યરચના :**
[**શ્રી ચંદ્રકાન્ત ન. પંડ્યા પ્રેરિત પારિતોષિક :** ૨૦૧૭-૨૦૧૮ ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ લેખ પારિતોષિક.

**શ્રી નાનુભાઈ ફાઉન્ડેશન પારિતોષિક :** ૨૦૧૭-૨૦૧૮ ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નિબંધ પારિતોષિક.

**શ્રી નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન પારિતોષિક :** ૨૦૧૭-૨૦૧૮ ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નવલિકા પારિતોષિક.]

♐ ગુજરાતી સાહિત્ય પરિષદની તા. ૨૩-૭-૨૦૧૭ની મધ્યસ્થ સમિતિની બેઠકના ઠરાવ ક્રમાંક : ૫ (૧) અને તા. ૧૬-૧૧-૨૦૧૭ની કાર્યવાહક સમિતિની બેઠકના ઠરાવ ક્રમાંક : ૬ મુજબ સમન્વિત (Clubbing) કરેલાં પારિતોષિકો.

❑

## સાહિત્યવૃત્ત મોકલવા માટે ઈમેઈલ આઈડી

આપની આસપાસ થતી સાહિત્યિક પ્રવૃત્તિઓ, જેમાં આપ ઉપસ્થિત રહ્યા હો, આપે ભાગ લીધો હોય કે પછી આપે આયોજન કર્યું હોય તો એ કાર્યક્રમ વિશેની ટૂંકી નોંધ ઈમેઇલ દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદને મોકલી શકો છો. નોંધ જે ફોન્ટમાં કંપોઝ કરી હોય એ ફોન્ટ સાથે અચૂક મોકલવા. એ માટેનું ઈમેઇલ આઈડી છે : vruttparabgsp2018@gmail.com

## ગ્રંથાલયમાં પુસ્તક રિન્યૂઅલ માટે ઈમેઇલ આઈડી

ચી. મં. ગ્રંથાલયના વાચક સભ્યો વાચન માટે ઈશ્યૂ કરાવેલાં પુસ્તકોને ઈમેઈલ દ્વારા રિન્યૂઅલ કરી શકે એ માટે એક ઈમેઈલ આઈડી તૈયાર કર્યું છે. આ ઈમેઈલ એડ્રેસ ઉપર એક ટેસ્ટ મેઈલ કરવાથી રિન્યૂઅલ માટેનું નિયત ફોર્મેટમાં આપને મોકલવામાં આવશે. તો આ સેવાનો ચોક્કસ લાભ લો. આ માટેનું ઈમેઈલ આઈડી છે : chimgranthalayagsp2018@gmail.com